# દર્શન પછી અસ્તિત્વનું શું?

અનવર સૂફી પાસે તેના શિષ્ય ઝાહિદ બેઠા હતા. ઝાહિદે પૂછ્યું, 'નૂરનાં દર્શન થયા પછી, અસ્તિત્વનું શું થાય?'

અનવર સૂફી એ કહ્યું, 'બે વાત બને, તને એક પ્રસંગ કહું, તેના પરથી તને સમજાઈ જશે!

એમ કહી અને અનવર સૂફી એ વાત માંડી. 'એક વખત સૂફી બાયજેદ બસ્તમી અને સૂફી મિશ્ર જોલનુન સાથે પ્રવાસ કરતાં-કરતાં, એક નગરમાં કિલ્લાના પ્રવેશદ્વાર પર પહોંચ્યા, ત્યાં દરવાન આવનાર યાત્રીના નામની નોંધણી કરતો હતો. કતાર ખૂબ જ લાંબી હતી. બંને હારમાં ઊભા રહી ગયા.

પહેલો વારો બાયજેદનો આવ્યો.

પહેરેદારે રાબેતા મુજબ પૂછ્યું, 'નામ?'

બાયજેદે જવાબ આપ્યો, 'બાયજેદ બસ્તમી.'

પહેરદારે પૂછ્યું. 'ઉંમર?'

બાયજેદે જવાબ આપ્યો, 'ચાર વર્ષ.'

પહેરેદારે સામું જોયું, નોંધ કરી, બાજુમાં એક તરફ ઊભા રહી જવા કહ્યું.

પછી વારો આવ્યો મિશ્ર જોલનુનનો.

તેને પણ તે જ પ્રશ્ન પૂછવામાં આવ્યા. 'નામ?'

જોલનુન બોલ્યા, 'મિશ્ર જોલનુન.'

પહેરદારે પૂછ્યું, 'ઉંમર?'

જોલનુન બોલ્યા, 'મૃત્યુ થયું તેને ત્રણ વર્ષ!'

પહેરેદારે નોંધ કરી. પછી સર ઉઠાવી જોયું. બાજુમાં એક તરફ ઊભા રહી જવા કહ્યું.

બાજુમાં ઊભેલા વધારાના સૈનિકોની ટુકડીમાંથી એક સિપાહીને બોલાવીને કહ્યું, 'આ બંને માણસો મને શંકાસ્પદ લાગે છે! તેમને સીધા જ કાજી પાસે લઈ જજો.' આટલું કહી તે બાકી કતારમાં ઉપસ્થિત માણસોની નોંધ કરવા લાગ્યો.

આ તરફ મિશ્ર અને બાયજેદનો કબજો લઈ સિપાહી તો કાજી પાસે લઈ ગયો. બંને શખ્સ વિશે પહેરેદારે કરેલી વાત કાજીને અક્ષરશઃ કહી સંભળાવી.

કાજીએ ફરીથી બંને વ્યક્તિઓને તે જ પ્રશ્ન પૂછી, જવાબની ખરાઈ કરી. બંનેએ તેવા જ અર્થહીન લાગે તેવા જવાબ આપ્યા હતા, પરંતુ કાજી સમજદાર અને વિદ્વાન હતા.

બંને નામ પણ તેમને જાણીતાં લાગ્યાં. તેથી તેણે વિશેષ ખરાઈ કરવા માટે પૂછ્યું, 'શું તમે બંને પ્રખ્યાત સૂફીઓ છો?'

બંને કહ્યું, 'હા! અમે સૂફીમતને સમજવા પ્રયત્નશીલ છીએ.'

કાજીએ ઊલટતપાસ કરવાને બદલે, બંનેને ઊલટપૂર્વક, સન્માનથી યોગ્ય આસન પર બેસાડ્યા! પછી પૂછ્યું, 'હવે બતાવો! આવા અવળા-સવળા જવાબ પાછળ કયું રહસ્ય છે?'

બસ્તમી બોલ્યા, 'ચાર વર્ષ પહેલાં મને પરમતત્ત્વનું નૂર દેખાયું છે! જાહેર છે કે તે પહેલાં તો હું મૃત જ હતો, તેથી મારું ખરું જીવન જ ચાર વર્ષનું ગણાય, તેથી મારી ઉંમર મેં ચાર વર્ષ લખાવી. જેમ કે મીણનો ગઠ્ઠો તો ઘણા વખતથી લઈને રાખ્યો હોય, પણ તેના પરની જ્યોતિ સળગે પછી જ તેને મીણબત્તી કહેવાય.

જોલનુનને પૂછ્યું, તો તે બોલ્યા, 'મને ત્રણ વર્ષ પહેલાં પરમતત્ત્વનું નૂર દેખાયું, ત્યાં સુધી હું જીવતો હતો, પણ પછી તે નૂરમાં ફના થઈ ગયો! મારું જીવન ત્યાં પૂર્ણ થઈ ગયું. હવે જીવે છે, તે તો ફક્ત તે જ જીવે છે! જેમ કે કોલસો પડેલો હોય, તેના પર આગ લાગે, તો તે અંગારો થઈ જાય! પછી તેને કોલસો ન કહી શકાય! મારું તેવું જ છે, તેથી મેં મારું આયુષ્ય, મૃત્યુ

થયા પછી ત્રણ વર્ષ એમ લખાવ્યું.

કાજીએ બંને સૂફીઓને જ્યાં જવું હતું ત્યાં સન્માનપૂર્વક પહોંચાડવાનો હુકમ કર્યો.

અનવર સૂફીએ કહ્યું કે 'નૂરનાં દર્શન પછી શું થાય, તે નૂરનાં દર્શન જેવું જ અકથ્ય છે!'

# રાજદરબારમાં સૂફી

ઈરાનમાં અબ્દુલ્લાહ ખફીફ પારસી નામે એક સૂફી રહેતા. તેમને મળવા માટે તેમના ખાનકાહ પર બે સૂફીઓ આવ્યા. પરંતુ તે સમયે અબ્દુલ્લાહ ખાનકાહમાં નહોતા. બંને આગંતુક સૂફીઓએ તેના શિષ્યને પૂછ્યું તો શિષ્યે કહ્યું, 'તેઓ બાદશાહને મળવા ગયા છે.'

બંને સૂફીઓને આશ્ચર્ય થયું. તેઓ અંદરોઅંદર વાતચીત કરવા લાગ્યા, 'ભાઈ! સંતો, સૂફી, ઓલિયા, વગેરેને રાજા પાસે શું જવાનું હોય? તેમણે તો પોતાની મસ્તીમાં જ જીવવું જોઈએ.' આ બંને સૂફીનો અબ્દુલ્લાહ માટેનો જે ઊંચો અભિપ્રાય હતો તે થોડો ઢીલો થઈ ગયો. બંને સૂફીઓની અબ્દુલ્લાહને મળવા માટેની ઇચ્છા ઊતરી ગઈ! તેમણે વિચાર્યું, 'ચાલો, શહેરમાં થોડું ફરી, પરત ચાલ્યા જઈએ!'

આમ વિચારી બંને સૂફીઓ શહેરમાં ફરવા લાગ્યા. ફરતાં-ફરતાં એક સૂફીને વિચાર આવ્યો, 'મોરાક્કા એટલે કે ઝભ્ભામાં જે ગજવું છે, તે કાણું છે, તેથી વિચાર્યું કે પાસેના દરજીની દુકાને જઈ, તેને સંધાવી લઈએ.' આવો વિચાર કરી બંને દરજી પાસે પહોંચ્યા. દરજીએ મજાક કરી, 'તમે તો સૂફી છો! તમારા કાણા ગજવામાંથી હજારો દિરહામ પડી ગયા હશે! કઈ તરફથી આવો છો, તે કહો! હું તે તરફ જઈ અને તે દિરહામ વીણતો આવું!'

સામે સૂફી એ જવાબ આપ્યો, 'હા ભાઈ! જિંદગીના ચાલીસ વર્ષ આ કાણામાંથી સરકી ગયાં છે અને કઈ દિશામાંથી આવું છું તે તો હું પણ ભૂલી ગયો છું! ભલા માણસ, મારું ગજવું સાંધી આપ!' કામમાં પ્રવૃત્ત થવા માટે દરજીએ તેની કાતર શોધી, પરંતુ દુકાનમાં કાતર ક્યાંય મળી નહીં.

તો દરજીને શંકા ગઈ કે આ બંને સૂફી નકલી છે, ચોર છે! તેમણે મારી કાતર ચોરી લીધી છે! તે બંનેને પકડી લીધા! આજુબાજુના બીજા દુકાનદારોની મદદથી તેમને બાંધી અને

શહેર કાજી પાસે લઈ ગયા. બંને સૂફી તો નિર્દોષ હતા, પરંતુ શંકાશીલ દરજીએ તેના પર સંગીન ફરિયાદ કરી. દરબારમાં બાદશાહ પાસે રજૂ કર્યા.

બાદશાહે સૂફીની વાત સાંભળી, દરજીની ફરિયાદ સાંભળી, ચુકાદો આપતાં કહ્યું 'સાચા સૂફીને ઝભ્ભો કાણો હોય કે ન હોય, તેની કોઈ ચિંતા હોઈ શકે નહીં! તેની પાસે રહેલા ગજવા માટે તે ચિંતિત કે આટલી પરવાવાળો હોઈ ન શકે, તેથી દરજીની શંકા સાચી છે! આ બંને સૂફી નકલી હોય તેવું લાગે છે! તેમણે કાતરની ચોરી કરી છે! તેથી તે બંનેનાં કાંડાં કાપી નાખવામાં આવે!'

સૂફી રડવા લાગ્યા, કરગરવા લાગ્યા, પરંતુ ચુકાદો આપ્યા પછી બાદશાહ તેમાંથી પીછેહટ કરવા માગતો નહોતો. બાદશાહનું દિલ જરા પણ પીગળ્યું નહીં.

બરાબર તે જ સમયે બાદશાહ પાસે અબ્દુલ્લાહ બેઠા હતા. તેમણે આ આખી ઘટના જોઈ. ફરિયાદ અને ચુકાદા સુધીની બધી જ બાબતો નિહાળી. તેમણે બાદશાહને કહ્યું, 'થોભો! આ બંને સૂફીઓ સાચા છે. તેમણે કાતરની ચોરી કરી હોય તેવું લાગતું નથી.'

બાદશાહે અબ્દુલ્લાહ સામે જોયું. અબ્દુલ્લા બોલ્યા, 'શંકાનું કાણું પહેલા તો શ્રદ્ધામાં અને મનમાં પડે છે, પછી કપડા કે ગજવામાં પડે છે, કપડું કે ગજવું તો ફક્ત મનને અનુસરે છે. આ બંને સૂફીઓ થોડા સમય માટે શંકાશીલ થયા, ભ્રમિત થયા, તેનું આ ફળ ભોગવે છે!'

અબ્દુલ્લાહના કહેવાથી બાદશાહે બંને સૂફીઓને છોડી દીધા. બંને સૂફીઓએ અબ્દુલ્લાહનો આભાર માન્યો, ત્યારે અબ્દુલ્લાહ બોલ્યા, 'હવે તમને સમજાયું કે હું રાજદરબારમાં કેમ બેઠો છું? આ ઘટના બનવાની જ હતી! તેથી હું અહીં બેઠો હતો. રાજાની આજુબાજુ સૂફી, સંત, ઓલિયા બેઠા હોય તે કંઈ માગવા માટે, બેઠા હોતા નથી, પરંતુ કોઈ નિર્દોષનો જાનમાલ ન જાય, તે જોવા માટે બેઠા હોય છે!'